અપીલ અરજી નં.૩૩૭ તા.૧૧–૨–૦૯

અરજદારઃ શ્રી છાયાબેન આશીષભાઈ રામાણી (પ્રજાપતિ)

સામાવાળાઃ ઝોનલચીફ  અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી છાયાબેન આશીષભાઈ રામાણી (પ્રજાપતિ) ની તા.૧–૧–૦૯ ની અરજીથી ૮૨, હિંમતનગર હીરાબાગ સોસાયટીના બે માળના બંગલાની મ્યુ. ટેક્ષ.બીલ અથવા વેરાની પહોંચ અને બંને માળની અલગ અલગ ટેક્ષબીલ હોય તો બંને ટેક્ષબીલની ખરી ઝેરોક્ષ નકલ  આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૨–'૦૯ ની અપીલ અરજી  નં.૩૩૭/૨૦૦૮–૦૯

શ્રી છાયાબેન આશીષભાઈ રામાણી (પ્રજાપતિ) ની  તા.૧–૧–૦૯ ની અરજીથી ૮૨, હિંમતનગર હીરાબાગ સોસાયટીના બે માળના બંગલાની મ્યુ. ટેક્ષ.બીલ અથવા વેરાની પહોંચ અને બંને માળની અલગ અલગ ટેક્ષબીલ હોય તો બંને ટેક્ષબીલની ખરી ઝેરોક્ષ નકલ  આપવા  બાબતે માંગ્યા મુજબની માહિતી કે અન્ય કોઈ નકલ કે અન્ય કોઈ જવાબ આપેલ ન હોવાથી મળેલ  પ્રતિભાવથી નારાજ થઈ   એપેલેટ ઓફિસરને  તા.૧૧–૨–૦૯ ના રોજ  અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ  અરજીની નકલ,  આપેલ માહિતીની  નોંધ વિભાગ સહિત નકલ  આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૧૧૧૯ તા.૨૦–૨–૦૯ થી ઝોનલચીફ   અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૧૩ તા.૨૭–૨–૦૯ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૧–૧–૦૯ ની મુળ અરજીમાં  ૮૨, હિંમતનગર હીરાબાગ સોસાયટીના બે માળના બંગલાની મ્યુ. ટેક્ષ.બીલ અથવા વેરાની પહોંચ અને બંને માળની અલગ અલગ ટેક્ષબીલ હોય તો બંને ટેક્ષબીલની ખરી ઝેરોક્ષ નકલ  આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૧૦૧૩ તા.૬–૨–૦૯ થી માહિતી રજી. પોસ્ટ એડી.થી અરજદારના સરનામે મોકલેલ હોવાનું જણાય છે.  અરજદારની અપીલ અરજીમાં તેઓને માંગ્યા મુજબની માહિતી કે અન્ય કોઈ નકલ આપી નથી, અન્ય કોઈ જવાબ પણ આપેલ નથી એમ જણાવેલ  છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતી અનુસાર કર ભરવાને પ્રથમ કરપાત્ર થનાર વ્યકિત તરીકે વીરજીભાઈ જેઠાભાઈ નોંધાયેલ હોય જેઓને વેરાબીલ પહોંચતા કરવામાં આવેલ છે અને તેઓએ વેરાબીલ ભરપાઈ કરેલ હોઈ વેરાબીલની ડુપ્લીકેટ બીલ છાપવામાં આવતું ન હોઈ આપી શકાય તેમ ન હોય આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. તેમ છતાં પાર્ટી સ્ટેટસની નકલ રૂ.૨/– ની ફી ભર્યે આપવા તૈયારી દર્શાવેલ છે.

અરજદારે માંગેલ માહિતી જોતાં પ્રથમદર્શી રીતે ત્રાહિતને લગતી માહિતી જણાય છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કલમ–૧૧ ની પ્રક્રિયા અનુસરાયેલ જણાતું નથી તેમ છતાં પાર્ટી સ્ટેટસની નકલ આપવાની તૈયારી વ્યાપક જાહેર હિતમાં દર્શાવેલ માનવાને પ્રેરે છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૧–૧–૦૯ ની અરજી  બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ છે. પરંતુ માંગેલ નકલો અંગે કલમ–૧૧ નો સંદર્ભ આપ્યા વિના પાર્ટી સ્ટેટસની નકલ નિયત ફી ભરી સમય મર્યાદા બાદ આપવા જણાવેલ છે તે ધ્યાને લેતાં આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને સદર માહિતી  પૂરી પાડવા ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી  વરાછા ઝોનને  જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ :      –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ  અને જાહેર માહિતી અધિકારી  (વરાછા ઝોન)....જાણ તથા અમલ માટે

(૨) શ્રી છાયાબેન આશીષભાઈ રામાણી (પ્રજાપતિ)